**Employment Notice No.GAD/NT/GIA/EmpNotice/27848/2025, Date: 18/10/2025 માં દર્શાવેલ ક્રમ ૦૧ ની જગ્યા માટેની પરીક્ષા પધ્ધતિ નીચે દર્શાવ્યા મુજબની રહેશે.**

## (૧) જૂનિયર ક્લાર્ક/ટાઇપીસ્ટ:

રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના (૧) તા.૧૮/૦૫/૨૦૨૩ના જાહેરનામા ક્રમાંક: GS/2023/15/0125/K તેમજ (૨) તા.૨૮/૧૨/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક: GS/2023/31/0125/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પધ્ધતિના નિયમો અનુસાર બે તબક્કામાં સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

### A. તબક્કો-૧: પ્રારંભિક પરીક્ષા

**તબક્કો-૧: પ્રાથમિક પરીક્ષા (OMR અથવા CBRT પધ્ધતિથી)**

૧૦૦ ગુણ　　　　　　　　　　　　　　　　　　સમય: ૬૦ મિનિટ

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| 1 | તાર્કિક ક્ષમતા (Reasoning) | 40 |
| 2 | પરીમણાત્મક અભિરુચિ (Quantitive aptitude) | 30 |
| 3 | અંગ્રેજી (English) | 15 |
| 4 | ગુજરાતી (Gujarati) | 15 |
| **કુલગુણ** | | 100 |

૧. હેતુલક્ષી (વૈકલ્પિક) પ્રકારની લેખિત કસોટીમાં, બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ)નો સમાવેશ થશે.
૨. દરેક પ્રશ્ન ૧ ગુણની રહેશે.
૩. ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.
૪. ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.
૫. દરેક પ્રશ્નમાં પ્રયાસ નહિ કરેલ (નોન એટેમ્પ્ટેડ) નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય, તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે. આ ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે, તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.
૬. અશકત વર્ગ સાથે સંબંધિત હોય તેવા ઉમેદવારોને, લાગુ પાડી શકાય તેમ પ્રશ્નપત્રનાં દરેક કલાક માટે કલાક દીઠ વીસ મિનિટનો વધારનો સમય આપી શકાશે.
૭. ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઈપણ વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.
૮. પ્રાથમિક પરીક્ષા ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે, પ્રાથમિક પરીક્ષામાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહિ.

**B. <u>તબક્કો-૨:- મુખ્ય પરીક્ષા</u>**

પ્રથમ તબક્કાની પરીક્ષા બાદ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮-૦૫-૨૦૨૩ના જાહેરનામા મુજબ MCQ-પ્રકારના પ્રશ્નો ધરાવતી Optical Marks Reading (OMR) અથવા Computer Based Response Test (CBRT) પધ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ નીચે મુજબનો રહેશે.

**<u>તબક્કો-૨: મુખ્ય પરીક્ષા (OMR અથવા CBRT પધ્ધતિથી)</u>**

કુલ ગુણ :૨૦૦ ગુણ　　　　　　　　　　સમય: ૧૨૦ મિનિટ

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| 1 | અંગ્રેજી (English) | 20 |
| 2 | ગુજરાતી (Gujarati) | 20 |
| 3 | રાજયશાસ્ત્ર જાહેર વહીવટ આરટીઆઇ (માહિતિનો અધિકાર અધિનિયમ) સીપીએસ/પીસીએ (Polity/Public Administration/RTI/CPS/PCA) | 30 |
| 4 | ઇતિહાસ, ભૂગોળ, સાંસ્કૃતિક વારસો (History, Geography, Culture Heritage) | 30 |
| 5 | અર્થશાસ્ત્ર, પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી (Economics, Environment, Science & Tech.) | 30 |
| 6 | વર્તમાન બાબતો અને રીઝનિંગ સાથે વર્તમાન બાબતો (Current Affairs and Current Affairs with reasoning) | 30 |
| 7 | રીઝનિંગ (તર્ક) (Reasoning) | 40 |
| **કુલ ગુણ** | | 200 |

૧. હેતુલક્ષી (વૈકલ્પિક) પ્રકારની લેખિત કસોટીમાં, બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ)નો સમાવેશ થશે.

૨. દરેક પ્રશ્ન ૧ ગુણની રહેશે.

૩. ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૪. ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૫. દરેક પ્રશ્નમાં પ્રયાસ નહિ કરેલ (નોન એટેમ્પ્ટેડ) નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય, તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે. આ ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે, તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.

૬. ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઈપણ વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૭. અશકત વ્યક્તિની કેટેગરીમાં આવતા ઉમેદવારોને, લાગુ પાડી શકાય તેમ પ્રશ્નપત્રનાં દરેક કલાક માટે કલાક દીઠ વીસ મિનિટનો વધારનો સમય આપી શકાશે.

૮. દરેક પ્રશ્નપત્રનો વિસ્તૃત અભ્યાસક્રમ, બોર્ડ અથવા સરકાર ઠરાવે અને જાહેર કરે તેવો રહેશે.

**C.** પ્રાથમિક પરીક્ષાને અંતે મેરીટસના આધારે ભરવાની થતી જગ્યાના સાત ગણા ઉમેદવારોને બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા આપવા માટે લાયક ગણવામાં આવશે.

**D.** સદર પરીક્ષાનાં પ્રશ્નો ગુજરાતી ભાષામાં રહેશે તથા ફક્ત English ના પ્રશ્નો અંગ્રેજી ભાષામાં રહેશે.

Sd\-

Date: 28/11/2025　　　　　　　　　　I/C REGISTRAR